રાજ્યભરમાં ભીષણ ગરમી : જનજીવન અસ્તવ્યસ્ત

ગાંધીનગર, સુરેન્દ્રનગરમાં પારો ૪૫થી ઉપર : વધતી જતી ગરમી વચ્ચે એલર્ટની પણ જાહેરાત કરવામાં આવતા લોકો વધુ સાવચેત બન્યા : અમદાવાદમાં આગ વરસાવતી ગરમીની વચ્ચે પારો ૪૪.૪

અમદાવાદ,તા.૨

સમગ્ર દેશની સાથે સાથે ગુજરાતમાં પણ જોરદાર ગરમીનું મોજુ ફરી વળ્યું છે જેથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આજે રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૫થી ઉપર પહોંચ્યો હતો જેથી એલર્ટની જાહેરાત યથાવત રાખવામાં આવી છે. આજે પાટનગર ગાંધીનગરમાં પારો ૪૫ પહોંચ્યો હતો જ્યારે સુરેન્દ્રનગરમાં સતત બીજા દિવસે ભીષણ ગરમી વચ્ચે પારો ૪૫થી ઉપર રહ્યો હતો અને તાપમાન વધીને ૪૫.૩ સુધી પહોંચી ગયું હતું. એલર્ટની જાહેરાત કરવામાં આવ્યા બાદ લોકો સાવધાન થઇ ગયા છે. સૌરાષ્ટ્રના રાજકોટ અને સુરેન્દ્રનગરમાં હિટવેવની સ્થિતિ છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન પારો યથાવત રહી શકે છે જેથી લોકોને સાવચેત રહેવા માટે કહેવામાં આવ્યું છે. બિનજરૂરીરીતે ઘરની બહાર ન નિકળવા માટે પણ તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪.૪ સુધી પહોંચી ગયું હતું. બીજી બાજુ દેશના અનેક ભાગોમાં પારો ૫૦ની નજીક પહોંચ્યો છે ત્યારે અમદાવાદ અને ગાંધીનગર સહિતના વિસ્તારોમાં પણ લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે. આજે અમદાવાદ શહેરમાં બપોરના ગાળામાં ગરમીના કારણે જનજીવન પણ ખોરવાઈ ગયું હતું. બપોરના ગાળામાં રસ્તાઓ સુમસામ બની ગયા હતા. વધતી જતી ગરમી વચ્ચે કોર્પોરેશન તરફથી કહેવામાં આવ્યું છે કે હાલમાં વાયરલ ઈન્ફેકશન અને ગરમીથી બચવા માટે લોકોએ કામ વગર બપોરના ગાળામાં ઘરથી બહાર નીકળવું જોઈએ નહીં. સાથે સાથે સાથે વધુ પ્રમાણમાં પાણી, છાશ અને પ્રવાહીનું

સેવન કરવું જોઈએ. હળવા રંગના સુતરાઉ કપડા પહેરવા અને તડકામાં ફરવાનું ટાળવું જોઈએ. બિનજરૂરીરીતે કામ વગર બહાર ન નિકળવા માટે પણ કહેવામાં આવ્યું છે. બાળકો અને મોટી વયના લોકોને વિશેષ સાવચેતી રાખવા માટે કહેવામાં આવ્યું છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં ફરી એકવાર જોરદાર ગરમીનુ મોજુ ફરી વળ્યું છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન પારો અકબંધ રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. એલર્ટની જાહેરાત પણ ગરમીના કારણે સાવચેતીના પગલારુપે કરવામાં આવી છે. આકાશમાંથી આગ વરસાવતી ગરમીના કારણે જનજીવન ઉપર માઠી અસર થઇ હતી. આજે રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૪થી ઉપર રહ્યો હતો જેમાં અમદાવાદમાં ૪૪.૪, ગાંધીનગરમાં ૪૫, રાજકોટમાં ૪૪.૫, અન્ય વિસ્તારોમાં પણ પારો ૪૪થી ઉપર પહોંચ્યો હતો.

આગામી દિવસોમાં ગરમીથી રાહત મળવાની કોઈ શક્યતા દેખાઈ રહી નથી. આગામી ૪૮ કલાક દરમિયાન મહત્તમ તાપમાન અકબંધ રહી શકે છે.

ક્યાં કેટલું તાપમાન

સ્થળ	મહત્તમ તાપમાન
અમદાવાદ	૪૪.૪
ડીસા	૪૩.૪
ગાંધીનગર	૪૫
વીવીનગર	૪૧.૬
વડોદરા	૪૧.૫
સુરત	૩૪.૨
વલસાડ	૩૪.૪
અમરેલી	-
ભાવનગર	૪૦.૩
રાજકોટ	૪૪.૫
સુરેન્દ્રનગર	૪૫.૩
ભુજ	૪૧.૪
કંડલા એરપોર્ટ	૪૩.૮
દીવ	૩૪.૬
નલિયા	૩૫.૯

બસમાં દારૂના જથ્થા સાથે ડ્રાઈવરની થયેલી ધરપકડ

દૂધની ગાડીમાંથી દારૂનો જથ્થો જપ્ત

અમદાવાદ,તા. ૨

રાજસ્થાન પરિવહનની બસ અમદાવાદ જઈ રહી હતી ત્યારે ગુજરાતની સરહદમાં પ્રવેશતા અમીરગઢ ખાતે રૂટીન ચેકિંગ કરાયું હતું. જેમાં અમીરગઢ ચેકપોસ્ટ પર ચેકીંગ દરમ્યાન રાજસ્થાન પરિવહનની બસમાં ડ્રાયવર કેબીનમાંથી વિદેશી દારૂ ઝડપાયો હતો. અમીરગઢ પોલીસે રૂ. ૧૪ હજારની દારૂની બોટલો કબજે કરીને ડ્રાઈવરની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાંથી અમૂલ દૂધની ગાડીમાંથી દારૂ પકડાતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કારણ કે, અમૂલ દૂધની ગાડીમાં દૂધના કેરેટમાં દૂધના બદલે દારૂ ભરવામાં આવ્યો હતો. જો કે, પોલીસે દૂધની ગાડીમાં દારૂની હેરફેરની નવી મોડેસ ઓપરેન્ડીની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. બનાસકાંઠા એલસીબીએ અમૂલ દૂધની ગાડીમાં રૂ. સાત લાખની કિંમતનો દારૂનો જથ્થો ગાડીમાંથી જપ્ત કર્યો હતો. એલસીબીએ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી.

ગાંધીની વિચારધારાની સાથે સંઘર્ષ યથાવત રખાશે : કોંગી

અમદાવાદ, તા.૨

લોકસભાની ચૂંટણીમાં કારમી હાર બાદ આજે કોંગ્રેસ કાર્યલયે બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે. સૌપ્રથમ વિસ્તૃત કારોબારીની બેઠક મળી હતી. જેમાં અલગ અલગ ઠરાવો પસાર કરાયા હતા. કોંગ્રેસ ગાંધી અને સરદારની વિચારધારા સાથે સંઘર્ષ ચાલુ રાખશે તેવું પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું. તો સાથે સાથે રાહુલ ગાંધીને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે યથાવત રાખવાનો ઠરાવ કારોબારીએ પસાર કર્યો હતો. તો સુરતની ઘટના અંગે કોંગ્રેસ શેક્ષણિક સંકુલોમાં જનતાને સાથે રાખી રેડ કરશે તેવો પણ ઠરાવ પસાર કરાયો હતો. કોંગ્રેસ દ્વારા આજે પ્રજાના વિવિધ પ્રશ્નોને લઈ મહત્વના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. જેમાં સુરતની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા બાળકોને શ્રદ્ધાંજલિ આપતો ઠરાવ કારોબારીએ કર્યો હતો. સાથે સાથે સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે લોકોને પડતી પાણીની સમસ્યા અંગે લડત ચલાવવાનો ઠરાવ પસાર કરાયો છે. આજની બેઠકોના દોર અને ધમધમાટ વચ્ચે લોકસભાની ચૂંટણીમાં થયેલી હાર અંગે ચર્ચા કરવામાં આવી હતી અને સંગઠનમાં ક્યાં કચાશ રહી તેની ચર્ચા પણ કરવામાં આવી હતી. અલગ અલગ બેઠક પર હારના વિવિધ કારણોની ચર્ચા કરાઈ હતી. દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રવકતા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે યથાવત રાખવાનો ઠરાવ કારોબારીએ પસાર કર્યો છે. ત્યાં જ સુરતની ઘટનાને વખોડતા તેમણે કહ્યું કે, સુરતની ઘટના અંગે કોંગ્રેસ શેક્ષણિક સંકુલોમાં જનતાને સાથે રાખી રેડ કરશે તથા સુરતની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા બાળકોને શ્રદ્ધાંજલિ આપતો ઠરાવ કારોબારીએ કર્યો છે. લોકોને પડતી પાણીની સમસ્યા અંગે કોંગ્રેસ દ્વારા જનઆંદોલન અને લડત ચલાવવાનો ઠરાવ બેઠકમાં પસાર

કરો છે, લોકસભાની ચૂંટણીમાં થયેલી હાર અંગે ચર્ચા કરવામાં આવી છે આ સાથે જ સંગઠનમાં ક્યાં કચાશરહી તેની ચર્ચા કરાઈ છે. આમ કોગ્રેસે હવે સરકારને અલગ-અલગ મુદ્દાઓ પર ઘેરવાનો નિર્ધાર કર્યો છે. આગામી દિવસોમાં પ્રજાના પ્રાણપ્રશ્નોને લઈ કોંગ્રેસ સરકાર પર હલ્લાબોલ કરશે.

આગકાંડ બાદ હવે અમદાવાદ ફાયરબ્રિગેડ દ્વારા ડેમોન્સ્ટ્રેશન

ડોકટરોને પણ સાધનો અંગે માહિતી અપાઈ : હોસ્પિટલમાં આગ લાગે ત્યારે કપરી સ્થિતિમાં કેવી રીતે બચાવ કામગીરી કરવી તે સહિતના પ્રશ્ને માહિતી અપાઈ

અમદાવાદ,તા. ૨

સુરતમાં તક્ષશિલા કોમ્પ્લેક્ષમાં લાગેલી આગમાં ૨૩ નિર્દોષ વિદ્યાર્થીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ફાયરબ્રિગેડની યોગ્ય કામગીરીના અભાવે મોટી સંખ્યામાં જાનહાની થઈ હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ રાજ્યભરમાં ફાયરબ્રિગેડ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે તેની સાથે લોકોને કઈ રીતે બચી શકાય તે માટેના ડેમોન્સ્ટ્રેશનનું પણ આયોજન ફાયર વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આજે અમદાવાદના મેમનગર ફાયરબ્રિગેડ પાસે હોસ્પિટલમાં આગ લાગે તો બાળકોને અને પોતે કઈ રીતે બચી શકાય તે માટે ખાસ ડેમોન્સ્ટ્રેશન યોજાયું હતું. આ દરમ્યાન ફાયરની ઘટના દરમિયાન શું કરવું અને શું ન કરવું જેવી માહિતી આપવામાં આવી હતી. તો, ડોકટરોને પણ અગ્નિશામક સાધનો અને તેના ઉપયોગની સમજ ફાયરબ્રિગેડના નિષ્ણાત અધિકારીઓ દ્વારા અપાઈ હતી. શહેરના મેમનગર ફાયર સ્ટેશન ખાતે એડિશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટ સહિતના નિષ્ણાત અધિકારીઓ દ્વારા હોસ્પિટલમાં, કલાસીસ સહિતના સ્થળોએ આકસ્મિક આગ ફાટી નીકળે ત્યારે કેવી રીતે આગથી બચવુ અને કઈ કઈ બાબતોની તકેદારી રાખવી ઉપરાંત, અગ્નિશામક સાધનોના ઉપયોગ થકી કેવી રીતે આગ કાબૂમાં લેવી અને અંતિમ પરિસ્થિતિમાં કેવી રીતે જીવ બચાવી શકાય સહિતના મુદ્દાઓને લઈ બહુ અસરકારક ડેમોન્સ્ટ્રેશન દર્શાવવામાં આવ્યું હતું. અમદાવાદ ફાયરબ્રિગેડના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા ડેમોસ્ટ્રેશનમાં ખાસ સાધનો કઈ રીતે મદદરૂપ થઈ શકે તે માટે સમજાવવામાં આવ્યું હતું. તેમાં હવા ભરેલા જંપિંગ પ્લેટફોર્મ પર કૂદવાની સાથે હાઈરાઈઝ પર સીડી દ્વારા કઈ રીતે બચાવ કામગીરી થાય છે તે વિશેની માહિતી આપવામાં આવી હતી. તેની સાથે આવનારા સમયમાં

ડોકટર અને હોસ્પિટલ સ્ટાફને કઈ રીતે ફાયર સેફ્ટીના સાધનોનો ઉપયોગ કરી શકાય અને ઈમરજન્સીમાં કેવી રીતે દર્દીઓ અને તેમના પરિવારજનોની જીંદગી બચાવી શકાય તેની પણ માહિતી અને સમજ આપવામાં આવી હતી. આજના ડેમોસ્ટ્રેશનમાં પ્રાથમિક ફાયર સેફ્ટીના ઉપકરણનો કઈ રીતે ઉપયોગ કરી શકાય તેની સાથે આધુનિક સાધનોનો કઈ રીતે ઉપયોગ કરી શકાય તે માટે બહુ ઉપયોગી જાણકારી આપવામાં આવી હતી. જેમાં એર જંપિંગ ફ્યુઝન, હાઈડ્રોલિક પ્લેટફોર્મ, ૫૫ મીટર તેમજ ૧૬૫ પુટ જેમાં મલ્ટિપલ રેસ્ક્યૂ કરી શકાય તે અંગે માહિતી અપાઈ હતી.

રાજ્યભરમાં આજે શનિદેવ જયંતિ ધામધૂમથી ઉજવાશે

અડાલજ સ્થિત શનિ સંકુલ ખાતે પણ ભારે ધામધૂમથી ઉજવણી કરાશે : ભક્તોને મહાપ્રસાદનું પણ વિતરણ કરાશે : શ્રદ્ધાળુઓ ભારે ઉત્સાહ

અમદાવાદ,તા. ૨

શનિ જયંતિને લઈને જુદા જુદા મંદિરોમાં જોરદાર તૈયારીઓ કરવામાં આવી છે. આવતીકાલે શનિ જયંતિ હોવાથી શ્રદ્ધાળુઓ શનિ દેવતાના દર્શન કરવા માટે જુદા જુદા મંદિરોમાં સારવાથી જ પડાપડી કરશે. જુના અને પ્રાચીન મંદિરોમાં વિશેષ આયોજનો કરવામાં આવ્યા છે.

ગાંધીનગરના પાદરે અડાલજ ખાતે આવેલ શનિ સંકુલ ખાતે પણ શનિ જયંતિનું ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શનિ યજ્ઞ ઉપરાંત મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સવારથી ભાવિકોની ભીડ ઉમટશે. શનિ સંકુલના મહારાજશ્રીએ જણાવ્યું હતું કે, શનિ જયંતિએ દર્શનનો અને મહાપ્રસાદનો લાભ લેવા સર્વે ભક્તોને ભક્તિપૂર્વક આમંત્રણ છે.

શહેરના અમરાઈવાડી-રખિયાલ રોડ પર આવેલ સુપ્રસિધ્ધ નાગરવેલ હનુમાન મંદિર ખાતે આવતીકાલે તા.૩-૬-૨૦૧૯ના રોજ સોમવારે અમાવસ્યાના રોજ શ્રી શનિદેવ જયંતિ મહોત્સવની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ દિન નિમિતે નાગરવેલ હનુમાનજી મંદિર ખાતે સ્થિત ૮૦૦ કિલોની શનિ શિલા પર તેલથી લઘુરૂદ્રાભિષેક કરવામાં આવશે એમ શ્રી નાગરવેલ હનુમાન મંદિરનાગરવેલ મંદિર શ્રી રંગનાથાચાર્યજી મહારાજે જણાવ્યું હતું. આવતીકાલે શનિદેવ જયંતિ



મહોત્સવને લઈ શહેરના વિવિધ શનિમંદિરોમાં પણ શનિભક્તોની ભારે ભીડ જામશે. આવતીકાલે બપોરે

‘‘ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ અને ઉપાસના’’ અંતર્ગત મોડાસા ક્ષેત્રના ગામોમાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૪૦ ઘર પરિવારમાં એક સાથે ગાયત્રી યજ્ઞ આયોજન ઉત્સાહભેર સંપન્ન

મોડાસા, તા. ૨

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારનું મુખ્ય કેન્દ્ર ગાયત્રી તીર્થ, શાંતિ કુંજ, હરિદ્વાર દ્વારા આ વર્ષે ‘‘ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ અને ઉપાસના’’ આંદોલન ઘોષિત કરવામાં આવ્યું છે ત્યારે માનવ માત્રના ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક યોજનાઓ ચલાવનાર અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પ્રણેતા પંડિત શ્રીરામ શર્મા આચાર્યજીને સાચી શ્રદ્ધાંજલી અર્પિત કરવા ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ-ઉપાસના આંદોલનના શુભારંભના ભાગરૂપે ૨ જૂનના રોજ એક દિવસે એક સાથે વધુમાં વધુ ગામે ગામ ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ આયોજન માટે સમગ્ર ગાયત્રી પરિવારને ઘોષણા કરવામાં આવી હતી.

ગાયત્રી પરિવાર, મોડાસાના

અગ્રગણી કાર્યકર્તા હરેશભાઈ કંસારાના જણાવ્યાનુસાર મોડાસા ક્ષેત્રના સ્વયંસેવકોની ઉત્સાહભેર તૈયારીઓ અને ગામેગામ સૌના ઉત્સાહથી ૨ જૂને મોડાસા ક્ષેત્રના ગામોમાં એક જ સમયે અલગ અલગ ઘર પરિવારમાં ગાયત્રી યજ્ઞ આયોજન નિર્ધારિત કરવામાં આવ્યું. માનવતાના ઉજ્જવળ ભવિષ્ય માટે આ ત્યાગ પરોપકારી આંદોલન માટે એટલો બધો ઉત્સાહ વધ્યો કે આયોજન મોડાસા ક્ષેત્રના ગામોમાં નિર્ધારિત કરેલ ૧૦૮ના બદલે વધીને ૨૪૦ ઘરોમાં ગાયત્રી યજ્ઞનું એક જ દિવસે એકજ સમયે સફળતા પૂર્વક સંપન્ન થતાં સમગ્ર મોડાસા ક્ષેત્રમાં યજ્ઞમાં હોમાયેલ દિવ્ય જડીબુટ્ટીઓથી ઉત્પન્ન થયેલ યજ્ઞીય વાયુ અને આ કાર્યમાં જોડાયેલા પરોપકારી ભાવનાશીલ પીતવસ્ત્રધારી સ્વયંસેવકો તથા યજ્ઞમાં જોડાયેલા ઘર પરિવારજનોના ઉત્સાહમાં સમગ્ર મોડાસા ક્ષેત્ર લાભાન્વિત બનવાથી આજ માનવ માત્રના ઉજ્જવળ ભવિષ્ય માટે સત્કાર્યોની સુવાસ ઠેર ઠેર જોવા મળી. યજ્ઞ આયોજનમાં માનવ માત્રને સન્માર્ગે ચાલવા પ્રેરણા માટે લોકશિક્ષણ ખૂબજ અગત્યની ભૂમિકા ભજવે છે. આ યજ્ઞકાર્ય સાથે સમગ્ર માનવજાતને ઉજ્જવળ ભવિષ્ય માટે ત્યાગ, સમર્પણ, સત્કાર્યોની સુવાસભર્યું વાતાવરણ બનાવવા પ્રયાસ કરવામાં આવ્યો. વાયુ શુદ્ધિકરણ-પર્યાવરણ બચાવ, સંસ્કારવાન પેઢી માટે માર્ગદર્શન, વ્યસનમુક્તિ, સ્વાસ્થ્ય સંવર્ધન, કુરિવાજો નાબુદી, મહિલા જાગૃતિ, માનવમાત્ર- પરિવાર- સમાજ- રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટે સાચા નાગરિક બનવા.. સાચી દિશામાં માનવતાવાદી જીવનના માર્ગે આગળ પ્રગતિ માટે આ ૨૪૦ ઘરોમાં થયેલ ગાયત્રી યજ્ઞ સાથે જોડાયેલા અનેક ઘર પરિવાર આ યજ્ઞમાં સંકલ્પિત બન્યા છે. ૨ જૂને ‘‘ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ અને ઉપાસના’’ અંતર્ગત મોડાસા ક્ષેત્રના ગામોમાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૪૦ ઘર પરિવારમાં એક સાથે ગાયત્રી યજ્ઞ આયોજન સંપન્ન થયા. ગાયત્રી પરિવારના મુખ્યાલય ગાયત્રી તીર્થ, શાંતિકુંજ, હરિદ્વાર ખાતે ગાયત્રી પરિવારના પ્રમુખ ડૉ. પ્રણવ પંડ્યાજીએ શાંતિકુંજ ખાતે આજરોજ પ્રથમ યજ્ઞમાં આહુતિ આપી આ ‘‘ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ અને ઉપાસના’’ આંદોલનનો શુભારંભ કર્યો હતો.

૪૫ ડિગ્રી ગરમી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ હતુ. આજે રજાનો દિવસ હોવાથી ગરમીની અસરથી બચવા નાગરિકો ઘરમાં એ સી ચાલુ કરી પુરાઇ રહ્યા હતા. દિવસ દરમિયાન નગરના માર્ગો પર સન્નાટો છવાયેલો રહ્યો હતો. બપોરના સમયે ફુંકાતી ગરમ લું ના લીધે નગરજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો. ગરમીથી બચવા માટે દિવસ દરમિયાન લીંબુ શરબત , છાશ અને ઠંડા પીણાનુ વેચાણ પણ વધુ રહ્યુ હતુ. જયારે મોડી સાંજ સુધી ગરમીની અસર જોવા મળી હતી. અસહ્ય ગરમીના લીધે નાના બાળકો તેમજ સિનિયર સિટીઝન્સના આરોગ્યની ખાસ કાળજી લેવા માટે પણ તબીબી સલાહ છે. ત્યારે ગરમીથી બચવા માટે મોડી સાંજ સુધી નાગરિકો પણ ઘરની બહાર નિકળતા નથી. આજે લઘુત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રી રહ્યુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ૧૫ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. છેલ્લા બે સપ્તાહથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીની ઉપર છે. જયારે બે ચાર દિવસથી મહત્તમ તાપમાન ૪૩ થી ૪૫ ડીગ્રી વચ્ચે રહેતા વિદાય લેતા ઉનાળે ગરમીનુ જોર વધી રહ્યુ છે. વળતા ઉનાળે રેકર્ડ બ્રેક ગાંધીનગરમાં રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ છે.

ગણતરીમાં..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ નથી અને તો પણ આ ઘરની મહિલા ય ઓળખાય તો રસોડાની રાણી રૂપે. માત્ર કહ્યાની જ રાણીને! સેન્સસના આંકડાઓમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થાની જાળ ઘર-પરિવારના રસોડાની સાથે પણ કેવી સંકળાયેલી છે તે વ્યક્ત થાય છે. માધ્યમિક શાળેય શિક્ષણ દરમિયાન સંસ્કૃત સાહિત્યમાં એક બોધ કથા ભણવામાં આવતી હતીઃ ‘પિતા ધ્રુમેન ઘાતીતઃ અર્થાત ‘ધૂમાડાએ પિતાને હણ્યાં’ આપણી ગ્રામીણ નારીઓની યોગ્ય રસોડાની સ્વલતના અભાવમાં એમને તો રોજેરોજ ધૂમાડો પજવે છે, ને ધીરે ધીરે હણે છે એમ આંકડાઓ ઉપરથી નથી લાગતું? સિગારેટના ધુમાડાથી જે લોકો સ્મોકિંગના કરતા હોય તેમને પણ પેસિવ સ્મોકિંગ તકલીફ થાય છે એવા સંશોધનો થાય છે પણ રસોઈ દરમિયાન પેદા થતા ધૂમાડાથી મહિલાઓને કેવી તકલીફ થાય છે એની જાણકારી મેળવવામાં સમાજને રસ નથી, કારન આ સમસ્યા તો મહિલાને છે ને!

એક્શન પ્લાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અટકાવવા અંગે દરેક ગ્રામસભામાં ઠરાવ પસાર કરવામાં આવે. પંચાયત વિભાગની સ્માર્ટવિલેજ યોજનામાં આ મુદ્દાને આવરી જે ગામમાં બાળલગ્નો ન થાય તેવા ગામને જ સ્માર્ટ વિલેજ જ જાહેર કરવામાં આવે.

વિભાગે ગ્રામસભામાં બાળલગ્નો પર સંપૂર્ણ નિયંત્રણ લાદવા માટે પંચાયતોને ગ્રામસભાના એજન્ડાનો મુદ્દો બનાવવા ઉપરાંત બાળલગ્નોથી થતી વિષમ અસરો અંગે તમામ ચર્ચા થાય તેવો આગ્રહ કર્યો છે.

ગરમી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપર પહોંચી ચુક્યો છે. આજે રાજસ્થાનના સિકર અને બાંસવાડામાં હિટવેવના કારણે બે લોકોના મોત થયા હતા. રાજસ્થાનના ચુરુમાં પારો ૫૦થી ઉપર રહ્યો છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી સપ્તાહમાં પણ દિલ્હી અને આસપાસના રાજ્યોમાં સ્થિતિમાં કોઈ સુધાર નહીં થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બેના મોત સાથે મોતનો આંકડો વધીને ૩૭ ઉપર પહોંચી ગયો છે. હિટવેવના પરિણામ સ્વરુપે આ વર્ષે તેલંગાણામાં સૌથી વધુ મોત થયા છે. છેલ્લા ૨૪ દિવસના ગાળામાં જ તેલંગાણામાં ગરમી અને લૂના લીધે ૧૮ લોકોના મોત થઈ ચુક્યા છે. આવી જ રીતે આંધ્રપ્રદેશમાં આ સિઝનમાં ત્રણ લોકોના મોત લૂ લાગવાના કારણે થઈ ચુક્યા છે. ૨૩૩થી વધુ લોકો બિમાર હાલમાં હોવાનું જાણવા મળ્યું છે. બંને રાજ્યોમાં ૨૦૧૫માંભીષણ લૂના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. એકલા આંધ્રપ્રદેશમાં લૂ લાગવાથી ૧૩૬૯ લોકોના મોત થયા હતા જ્યારે તેલંગાણામાં ૨૦૧૫માં ૫૪૧ લોકોના મોત થયા હતા. ગયા વર્ષે પણ ૨૭ લોકોના મોત થયા હતા. મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં પણ હાલત કફોડી બનેલી છે. અહીં ગરમીના કારણે હજુ સુધી આઠ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં ૪૫૬ લોકો બિમાર થયા છે. નાગપુર ક્ષેત્રમાં સૌથી વધુ લોકોને અસર થઈ છે. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં આવી જ હાલત બનેલી છે. રાજસ્થાનમાં હિટવેવના લીધે બે લોકોના મોત થયા છે અને પારો ૫૦થી ઉપર પહોંચ્યો છે. હવામાન વિભાગના કહેવા મુજબ પારો આગામી બે ત્રણ દિવસમાં ૫૩ સુધી પહોંચી શકે છે.

સિયાચીન જશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રદ્ધાંજલિ આપ્યા બાદ જવાનો સાથે વાતચીત કરશે. સાથે સાથે વરિષ્ટ અધિકારીઓ સાથે સિયાચીનની પરિસ્થિતિ અને સંરક્ષણ પડકારોના સંદર્ભમાં તમામ માહિતી એકત્રિત કરશે. સિયાચીનનો પ્રવાસ પૂર્વ સંરક્ષણમંત્રી મનોહર પારીકર અને નિર્મલા સીતારામને પણ કર્યો હતો. યુદ્ધ પરિસ્થિતિની દ્રષ્ટિએ સિયાચીન વ્યૂહાત્મકરીતે સૌથી ઉપયોગી છે. હિમાલિયન રેંજમાં સ્થિત સિયાચીન ગ્લેસિયરની ગણતરી દુનિયાના સૌથી ઉંચા યુદ્ધ ક્ષેત્ર તરીકે કરવામાં આવે છે. ૧૯૮૪થી લઈને હજુ સુધી અહીં આશરે ૯૦૦ જવાન શહીદ થઇ ચુક્યા છે. ખરાબ હવામાન અને ભેખડો ધસી પડવાના કારણે સૌથી વધારે મોત થયા છે. ગૃહમંત્રાલયની જવાબદારી સંભાળી લીધા બાદ ભાજપ અધ્યક્ષ અમિત શાહે કહ્યું છે કે, તેઓ કાશ્મીર સહિતના મુદ્દા ઉપર સર્વોચ્ચ પ્રાથમિકતા સાથે આગળ વધવા ઇચ્છુક છે. અમિત શાહે જવાબદારી સંભાળી લીધા બાદ આજે રાષ્ટ્રીય પોલીસ સ્મારક સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. શહીદ પોલીસ કર્મીઓને શ્રદ્ધાંજલિ પણ આપી હતી.

અતિતની આજ

● ચોથા પાનાનું ચાલું

મળી નથી. તેલંગણમાં ભાજપને માત્ર ૪ બેઠકો મળી છે. મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવનો પક્ષ પણ મોદી સાથે ચૂંટણી પહેલાંથી ઈલુ-ઈલુ કરતો રહ્યો છે. કેરળમાં ભાજપનું ખાતું ખૂલતું નથી,પણ અહીં ભગવો લહેરાવવાનો સંકલ્પ લઘુમતીઓને સાથે લેવાના વડાપ્રધાનના આગામી એજન્ડાથી સ્પષ્ટ થાય છે. તમિળનાડુમાં ભાજપના મોવડીમંડળ અને રાજભવનના ટેકે અન્નાદ્રમુક સત્તામાં છે. ભાજપને અહીં મળતી કન્યાકુમારીની બેઠક પણ કોંગ્રેસે છીનવી લીધી છે અને સ્ટાલિનના દ્રમુકને મોટાભાગની બેઠકો મળી. હવે સ્ટાલિન પોતાનાં આર્થિક અને રાજકીય હિત જાળવવા માટે કોંગ્રેસ સાથે છેડો ફાડે તો ય નવાઈ નહીં. આગામી વિધાનસભા ચૂંટણી જીતવા માટે ભાજપનું મોવડીમંડળ સુપરસ્ટાર રજનીકાંત (શિવાજીરાવ ગાયકવાડ) સાથે જોડાણ કરે તો બહુ આશ્ચર્ય નહીં થાય.વર્ષ ૧૯૬૭થી આ રાજ્યમાં દ્રવિડ પક્ષોનું જ રાજ ચાલે છે અને દિલ્હીમાં જેનું શાસન હોય તેની સાથે ઘર માંડવાનું તેઓ પસંદ કરે છે. ઈશાન ભારતનાં બટુક રાજ્યોમાં પણ પ્રાદેશિક પક્ષો આવી જ ભૂમિકા અપનાવે છે. ઓડિશામાં ભાજપ સાથે પહેલાં દસ વર્ષ રાજ કરનારા અને ભાજપ સાથે છેડો ફાડીને દાયકો રાજ કરનારા મુખ્યમંત્રી નવીન પટનાયક આવતાં પાંચ વર્ષ ભાજપ સાથે જોડાણ રાખીને પોતાનાં હિત જાળવશે. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પક્ષના મુલાયમસિંહ અને અખિલેશ યાદવ સામેના સીબીઆઈ કેસમાંથી તેમને પરિણામ પહેલાં જ મુક્તિ અપાવીને મોદીએ પોતાના ભણી વાળી લેવાનો સંકેત આપ્યો હતો.માયાવતી સામે ચાલુ ચૂંટણીએ નવા સીબીઆઈ કેસ નોંધવાનું વલણ દાખવીને ભાજપ સાથે થવા બહુજન સમાજ પાર્ટીને સંકેત અપાયા હતા.

કોંગ્રેસની સરકારોનું ભાવિ

હજુ ગયા વર્ષે જ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં સત્તારૂઢ થયેલી સરકારોનો ક્યારે ભોગ લેવાશે, એ ભણી સૌની મીટ છે. મુખ્યમંત્રી કમલનાથના મળતિયાઓ અને કર્ણાટકના કોંગ્રેસી પ્રધાનો છાસવારે આવકવેરા અને એન્ફોર્સમેન્ટના દરોડાના ઝપાટામાં છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત સહિતના ભણી પરાજય અંગે રોષ પ્રગટ કર્યો છે. કોંગ્રેસના પ્રદેશપ્રમુખોને પણ ભાજપમાં લઈને મંત્રીપદ આપવામાં આવ્યાના દાખલા મોજૂદ હોવાથી સત્તા કાજે કોંગ્રેસના ભલભલા નેતાઓ ભાજપ ભણી વળે એવી શક્યતા છે. કોંગ્રેસમુક્ત ભારતનું સ્વપ્ન સાકાર કરવા જતાં ભાજપ છો કોંગ્રેસયુક્ત થતો, પણ સત્તાનું એકચક્રી શાસન શક્ય બનતું હોય તો એ સામે ભાજપ અને એની માતૃસંસ્